# મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત જબુગામ કેન્દ્ર ખાતે તા.૦૬/૦૮/૨૦૧૬નાં રોજ "**મહિલા કૃષિ દિવસ**" ની ઉજવણી

મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત તા.૦૬/૦૮/૨૦૧૬ ના રોજ " **મહિલા કૃષિ દિવસ**" નિમિત્તે જબુગામ કેમ્પસ, આણંદ એગ્રીકલ્ચરલ યુનિવર્સીટી, જબુગામ ખાતે જીલ્લા ખેતીવાડી ખાતુ તથા આત્મા પ્રોજેક્ટ, છોટાઉદેપુરના સહયોગથી મહિલાઓ માટેની એક દિવસીય તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવેલ. સદર તાલીમ કાર્યક્રમમાં છોટાઉદેપુર જીલ્લાની ૭૭ બહેનોએ ભાગ લીધો. તાલીમ શિબિરના ઉદઘાટન સમારોહમાં જીલ્લા વિકાસ અધિકારીશ્રી અમૃતેશ ઓરંગાબાદકર, કૃષિ કોલેજ, જબુગામના આચાર્યશ્રી ડૉ. સુનિલ આર. પટેલ તથા નાયબ પશુપાલન નિયામકશ્રી ડૉ. પી.આર.પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું. આ તાલીમ શિબિરમાં મહિલાઓને સંગ્રહિત અનાજમાં જીવાત નિયંત્રણ, કિચન ગાર્ડનિંગ, પશુપાલન, સ્વચ્છ દૂધ ઉત્પાદન, તથા સરકારની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. મહિલાઓને જબુગામ કેમ્પસની ક્ષેત્રીય મુલાકાત કરાવ્યા બાદ શ્રી ભાવિનભાઈ મહેતા, મદદનીશ ખેતી નિયામક, જબુગામ દ્વારા આભારવિધિ કરીને તાલીમ શિબિરનું સમાપન કરવામાં આવ્યું.



